**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૯ જાન્યુઆરી ૨૦૧૦**

## મનોરી ખાડીપરનો પુલ બાંધવા માટે પર્યાવરણ મંત્રાલયની પરવાનગી નથી

### રામ નાઈક નો ઘટસ્ફોટ

**મુંબઈ,મંગળવાર :** કેંદ્રિય પર્યાવરણ ખાતાનાં બધાંજ નિયમો માળિયા પર ચડાવી કેંદ્ર સરકારની પરવાનગી ન મેળવતાંજ એમએમઆરડીએ મનોરી ખાડી પર પૂલ બાંધવા નીકળી પડયાં છે તેવી આંચકાદાયક માહિતિ માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે એક અખબારી યાદી મારફત આપેલ છે.

મનોરી ગોરાઈના નાગરિકોનાં વિરોધ છતાંય સમૃધ્ધ ખારફુટ ના ક્ષેત્રમાં વાહન સુવિધનું ખોટું કારણ બતાડી મોટા લખપતિઓનાં લાભ ખાતર ૨૦૦ કરોડ રૂપિયાનો પૂલ મનોરી ખાડી પર બાંધવાનો ઘાટ બાંધવાનો એમએમઆરડીએ એ ઘડયો છે.નવેંબર ૨૦૦૯ માં તે માટે ટેન્ડરો પણ મગાવ્યા. ત્યારબાદ સીઆરઝેડ ક્ષેત્રમાં જયાં બહોળા પ્રમાણમાં ખારફૂટ છે ,બાજૂમાંજ દેશની મહત્વની નોકાદળની આયએનએસ હમલા અને લશ્કર નું હેવી બ્રિજ ટ્રેનિંગ સેંટર છે ત્યાં કોઈ જાતની આવશ્યકતા નથી તેમજ સ્થાનિક માછીમાર અને ખેડૂતોનો પૂલ ઉભો કરવા બાબતે વિરોધ છે.તેથી આ પૂલ બંધાય જ નહીં તેમ શ્રી રામ કહ્યું હતું. સીઆરઝેડ ક્ષેત્રમાં આ પૂલ બાંધવા માટે કેંદ્રિય પર્યાવરણ ખાતાએ કઈ રીતે પરવાનગી આપી, તેવી તપાસ કરનારો પત્ર પણ શ્રી રામ નાઈકે ૧૯ નવેંબર ૨૦૦૯ નાં કેંદ્રિય પર્યાવરણ અને રાજય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી જયરામ રમેશ ને લખ્યો હતો. આ પત્ર ને શ્રી જયરામ રમેશે ૧૪ જાન્યુઆરી ૨૦૧૦ ના જવાબ વાળ્યો હતો કે મનોરી ખાડી પર સી આરઝેડ અંતર્ગત અનુમતિ માગનારો કોઈ પણ પ્રસ્તાવ મહારાષ્ટ્ર સરકારે પાઠવ્યો જ નહોવાની આંચકાદાયક માહિતિ તેમાં આપેલ છે. સંરક્ષણ પ્રધાન શ્રી એ.કે. એંથની પણ આ પ્રકરણે આપણે તપાસ કરી રહ્યાં હોવાનું શ્રી રામ નાઈક ને જણાવેલ છે.

" પર્યાવરણ અને રાજય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી જયરામ રમેશ નાાટ અર્થ એવો છે કે સર્વ કાયદાઓને અભેરાઈ પર ચડાવી એમએમઆરડીએ આ પૂલ બાંધવાના મનસૂબા ધરાવે છે, એ અમે ચલાવી લઈશું નહીં," આ મુજબની ચેતવણી શ્રી રામ નાઈકે આપેલ છે. કેંદ્ર સરકાર ની પરવાનગી ન લેતાં એમએમઆરડીએ પૂલ બાંધવા નો નિર્ણય કેમ લીધો તેમજ ટેન્ડર પણ કેમ બહાર પાડયાં તેની તપાસ મુખ્યપ્રધાને અને મહારાષ્ટ્ર સરકારે કરવી તેવી માગણી પણ શ્રી રામ નાઈકે કરી છે.

**(કાર્યાલય મંત્રી)**

**સંલગ્ન : પર્યાવરણ મંત્રી શ્રી જયરામ રમેશ નો પત્ર**

जयराम रमेश
JAIRAM RAMESH

राज्य मंत्री (स्वतंत्र प्रभार)
पर्यावरण एवं वन
भारत सरकार
नई दिल्ली-110003
MINISTER OF STATE (INDEPENDENT CHARGE)
ENVIRONMENT & FORESTS
GOVERNMENT OF INDIA
NEW DELHI - 110 003

D.O.No.2-15/2009-IA-III/2830

14th January 2010

Dear Shri Ram Naikji -

This has reference to your letter dated 19th November 2009 regarding construction of Cable-stayed Bridge across Manori Creek in Mumbai. It is informed that no such proposal has been received from the Government of Maharashtra for the CRZ clearance.

With regards,

Yours sincerely,

(Jairam Ramesh)

Shri Ram Naik,
Former Petroleum Minister
9, Shivsmriti, 51 Jaiprakash Nagar
Goregaon East
Mumbai 400 063